તાલિબાનના પૂર્વ નેતા મુલ્લા અખ્તરની વર્ષગાંઠ પર નિશાન

કાબુલમાં ઈસ્તિકલાલ હોલના ગેટ પર વિસ્ફોટમાં ૩નાં મોત

આ હુમલો ઈસ્લામિક સ્ટેટ ખુરાસાને કર્યો છે, જે વૈશ્વિક આતંકી સંગઠનISISની અફઘાનિસ્તાન સ્થિત બ્રાન્ચ છે

(એજન્સી) કાબુલ, અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં રવિવારે જોરદાર બોમ્બ બ્લાસ્ટ થયો છે. આ બ્લાસ્ટમાં તાલિબાનના પૂર્વ નેતા મુલ્લા અખ્તર મોહમ્મદ મંસૂરની વર્ષગાંઠ મનાવવા આવેલા લોકોને નિશાન બનાવ્યા છે. આ વિસ્ફોટ ઈસ્તિકલાલ હોલના ગેટ પર થયો. જાણકારી અનુસાર અત્યાર સુધી ૩ લોકોના આ બ્લાસ્ટમાં મોત નીપજ્યા છે. એવુ માનવામાં આવી રહ્યુ છે કે આ હુમલો ઈસ્લામિક સ્ટેટ ખુરાસાને કર્યો છે, જે વૈશ્વિક આતંકી સંગઠન આઈએસઆઈએસની અફઘાનિસ્તાન સ્થિત બ્રાન્ચ છે.

લોકો ઈસ્તેગલાલ હોલના ગેટ પર તાલિબાની નેતાના મોતની વર્ષગાંઠ મનાવવા પહોંચ્યા હતા. એવી જાણકારી છે કે આ બ્લાસ્ટ બપોરે કરવામાં આવ્યો. અત્યાર સુધી આ હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી. અફઘાનિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટ થવો સામાન્ય વાત થઈ ગઈ છે. આ મોટાભાગના બ્લાસ્ટના તાર આઈએસઆઈએસ સાથે જોડાયેલા હોય છે. બોમ્બ વિસ્ફોટ કાબુલના ૧૦મા સિક્યોરિટી જિલ્લામાં થયો છે. ઘટના ઈસ્તેગલાલ હોટલ નજીક કાબુલના હામિદ કરજઈ એરપોર્ટ વાળા રસ્તા પર થઈ છે. આ હોટલમાં તાલિબાની નેતા મુલ્લાહ અખ્તર મંસૂરની મોતની વર્ષગાંઠ મનાવવામાં આવી રહી હતી, જેમની હત્યા થઈ હતી. પ્રાથમિક જાણકારી અનુસાર અત્યાર સુધી ત્રણ લોકોના આ હુમલામાં મોત નીપજ્યા છે. હજુ સુધી મૃતકોની ઓળખ કરી શકાઈ નથી. તાલિબાનના ગૃહ મંત્રીના જણાવ્યા અનુસાર અત્યાર સુધી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

અગાઉ ગયા મહિને ઉત્તરી અફઘાનિસ્તાનમાં અમુક મિનિટના અંતરે બ્લાસ્ટ થયા છે. જેમાં નવ લોકોના મોત નીપજ્યા અને ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા. બે દિવસ પૂર્વે અફઘાનિસ્તાનના બલ્ખ પ્રાંતમાં પણ એક બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. આ બ્લાસ્ટ એક મિની બસને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. અગાઉ પણ અફઘાનિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓ બની ચૂકી છે. જોકે આ વખતે બ્લાસ્ટની અત્યાર સુધી કોઈએ પણ જવાબદારી લીધી નથી.

દેશમાં નશાખોરીને ફેલાવવાનું કૌભાંડ

થાણેમાંથી પ્રતિબંધિત કફ સિરપની ૮૬૪૦ બોટલ્સ જપ્ત

(એજન્સી) મુંબઈ, મુંબઈ એનસીબીની ટીમે પાડોશના થાણે જિલ્લા ખાતેથી પ્રતિબંધિત નશીલી દવાના જથ્થા સાથે ૨ લોકોની ધરપકડ કરી છે. એનસીબીની ટીમે ગુપ્ત બાતમીના આધારે કોડીનયુક્ત કફ સિરપની ૮,૬૪૦ બોટલ્સ જપ્ત કરી લીધી છે. આરોપીઓ કફ-સિરપનો ઉપયોગ મુંબઈ અને થાણેના કેટલાક વિસ્તારોમાં નશા સહિતના અન્ય કેટલાક ઉદ્દેશ્યો પાર પાડવા માટે કરવાના હતા.

બાતમીના આધાર પર શનિવારના રોજ થાણેના ભિવંડી શહેર પાસે આગ્રા-મુંબઈ રાજમાર્ગ પર એક કારને રોકવામાં આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી કોડીનયુક્ત કફ સિરપની ૮,૬૪૦ બોટલ્સ મળી આવી હતી. કુલ ૬૦ બોટલ્સમાં રાખવામાં આવેલી આ બોટલ્સનું સામૂહિક વજન ૮૬૪ કિગ્રા જેટલું હતું. એનસીબીના અધિકારીઓએ કારચાલકની ધરપકડ કરી હતી અને તેના પાસેથી મળેલી માહિતીના આધાર પર જાળ બિછાવીને અન્ય એક વ્યક્તિની પણ ધરપકડ કરી હતી.

ધરપકડ કરવામાં આવેલો બીજા નંબરનો શખ્સ કફ સિરપની બોટલ્સની આ ખેપ પ્રાપ્ત કરવાનો હતો. અધિકારીઓએ આશરે ૨ કિમી સુધી ટુ-વ્હીલરનો પીછો કરીને તેને ઝડપી લીધો હતો અને તે વાહનને પણ જપ્ત કરી લીધું હતું. એનસીબી મુંબઈએ આ મામલે કેસ દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

તાજેતરમાં જ મણિપુર ખાતેથી પણ કોડીનયુક્ત કફ સિરપની ૮,૮૧૨ બોટલ જપ્ત કરવામાં આવી હતી. થૌબલ જિલ્લા પોલીસે શુક્રવારે સાંજના સમયે લિલોંગ અથૌખોંગ ખાતેથી કફ સિરપની ૮,૮૧૨ બોટલ્સ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

વડાપ્રધાન બે દિવસની જાપાનની યાત્રા પર

જાપાનીઝ બાળકની હિન્દી ભાષાથી મોદી પ્રભાવિત થયા

(એજન્સી) ટોક્યો, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની બે દિવસીય યાત્રા અંતર્ગત જાપાનની રાજધાની ટોક્યો ખાતે પહોંચ્યા છે. ટોક્યો પહોંચ્યા બાદ વહેલી સવારે તેમણે હોટેલ ન્યૂ ઓટાનીની બહાર તેમના સ્વાગત માટે રાહ જોઈ રહેલા બાળકો સાથે ખાસ સંવાદ સાધ્યો હતો. આ દરમિયાન રિત્સુકી કોબાયાશી નામના એક બાળકની હિન્દી ભાષાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા.



વડાપ્રધાને રિત્સુકીને ઓટોગ્રાફ આપવાની સાથે તેની પ્રશંસા પણ કરી હતી. સાથે જ, 'વાહ! તમે હિન્દી ક્યાંથી શીખ્યા?.. તમે તેને સારી રીતે જાણો છો?' તેવો સવાલ પણ કર્યો હતો. રિત્સુકી કોબાયાશી નામનો આ બાળક વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને ખૂબ જ આનંદિત જણાઈ રહ્યો હતો. તેણે કહ્યું કે, પીએમ મોદીએ મારો સંદેશો વાંચ્યો, જે મેં કાગળ પર લખ્યો હતો અને આ જ કારણ છે કે, હું ખૂબ જ ખુશ છું અને એટલે સુધી કે મને તેમના ઓટોગ્રાફ પણ મળ્યા.

વડાપ્રધાન મોદીના સ્વાગત માટે ત્યાં ઉપસ્થિત એક મહિલાએ જણાવ્યું કે, 'અમને જાપાનમાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરતાં ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. તેમની ઉર્જા સકારાત્મક છે. તેમણે અમને દરેક જગ્યાએ ગૌરવાન્વિત કર્યા છે.' ભારતીય પ્રવાસીઓએ ૨ દિવસની યાત્રા અંતર્ગત જાપાન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ખૂબ જ જોરદાર સ્વાગત કર્યું હતું. આ દરમિયાન વંદે માતરમ અને ભારત માતા કી જયના નારા પણ ગૂંજી ઉઠ્યા હતા. વડાપ્રધાન મોદી જાપાનીઝ વડાપ્રધાન ફુમિયો કિશિદાના નિમંત્રણ પર ૨૪ મેના રોજ યોજાનારા ક્વાડ શિખર સંમેલનમાં સહભાગી બનવા માટે ટોક્યો પહોંચ્યા છે. ટોક્યો પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદીએ ટ્વિટમાં લખ્યું હતું કે, 'ટોક્યો પહોંચ્યો. આ યાત્રા દરમિયાન ક્વાડ શિખર સંમેલન સહિત વિભિન્ન કાર્યક્રમોમાં ભાગ લઈશું. સાથે જ ક્વાડ નેતાઓની મુલાકાત લઈશું. જાપાની વ્યાપાર જગતના નેતાઓ અને વાઈબ્રન્ટ ભારતીય પ્રવાસીઓ સાથે પણ વાતચીત થશે.' ટોક્યો ખાતે યોજાનારી આ બેઠક ક્વાડ નેતાઓની ચોથી બેઠક હશે. નેતાઓ તેમાં ક્વાડ પહેલ અને કાર્ય સમૂહોની પ્રગતિ અંગેની સમીક્ષા કરશે. સહયોગના નવા ક્ષેત્રોની ઓળખ કરશે તથા ભવિષ્યના સહયોગ માટે રણનૈતિક માર્ગદર્શન તૈયાર કરશે.

કોરોના બાદ અન્ય વાયરસ જન્મ લઈ રહ્યા છે

બેલ્જિયમમાં મંકીપોક્સ આવે તો ૨૧ દિ' ક્વોરેન્ટાઈન થવું પડશે

૧૪ દેશમાં વાયરસ ફેલાયો : આવું પગલું લેનાર બેલ્જીયમ દેશ ક્વોરેટાંઇન સિસ્ટમ શરુ કરનારો પ્રથમ દેશ બન્યો

(એજન્સી) નવી દિલ્હી, દુનિયાભરમાં કોરોના વાયરસની ઝપેટમાં લોકો આવી રહ્યાં છે, ત્યારે એક પછી એક તેના વેરિયન્ટ પણ જોવા મળ્યા હતા. હવે માંડ માંડ આ તકલીફમાંથી દેશ થોડો બહાર આવ્યો છે, ત્યારે અન્ય દેશોમાં તો નવા નવા વાયરસ જન્મ લઈ રહ્યાં છે. થોડા સમય પહેલાં કેરળમાં ટોમેટો ફ્લુ વાયરસના કેસ જોવા મળ્યા હતા. હવે, નવો વાયરસ મંકીફોક્સ વાયરસ સામે આવ્યા બાદ તેના કેસ પણ નોંધાવવાના ચાલુ થઈ ગયા છે.

અત્યાર સુધીમાં ૧૪ દેશોમાં આ વાયરસ ફેલાઈ ગયો છે, ત્યારે બેલ્જીયમમાં આ વાયરસની એન્ટ્રી થતા વ્યક્તિને ૨૧ દિવસનો ક્વોરેટાંઇન પીરિયડ આપવામાં આવ્યો છે. આવું પગલું લેનાર બેલ્જીયમ દેશ ક્વોરેટાંઇન સિસ્ટમ શરુ કરનારો પ્રથમ દેશ બની ગયો છે. ડબલ્યુએચઓએ મંકિપૉક્સ વાયરસને લઈને લોકોને સાવધાની લેવાનુ કહ્યું છે. આ એક ગંભીર બીમારી છે.

આ વાયરસ સંક્રમિત જીવોમાંથી મનુષ્યોમાં ફેલાય છે. બ્રિટેનમાં શરુ થયેલ આ મંકીપૉક્સ વાયરસના કેસ હવે કેનેડા અને સ્પેન સહિત કુલ ૧૪ દેશોમાં જોવા મળી રહ્યાં છે. મંકીફોક્સ વાયરસ સંક્રમિત યુવાઓ વધુ થઈ રહેલા છે. કોઈ વ્યક્તિના સંક્રમણમાં આવ્યા બાદ આ વાયરસ ફેલાય છે. બ્રિટેનમાં આ બીમારીના લક્ષણો ૭ મેના રોજ એક દર્દીમાં દેખાયા હતા, જેણે નાઈજીરિયાનો પ્રવાસ કરીને આવ્યો હતો.

એશિયાકપ હોકીની ભારતની પ્રથમ મેચ

પાકિસ્તાન સામેની એશિયા કપની પ્રથમ મેચ ૧-૧થી ડ્રો

(એજન્સી) જાકાર્તા, વિશ્વના નકશામાં પડોશીઓ અને રમતના મેદાનમાં કટ્ટર હરીફો: ભારત-પાકિસ્તાનની ટીમો આજે એશિયા કપની તેમની પ્રથમ મેચમાં સામસામે હતી. ઈન્ડોનેશિયાના જાકાર્તામાં આયોજિત આ ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં ભારતે પાકિસ્તાન સાથે ડ્રો રમી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની સેકન્ડ ડિવિઝન હોકી ટીમ મેદાનમાં ઉતરી હતી, જેણે સમગ્ર મેચમાં પ્રભુત્વ જમાવ્યું હતું, પરંતુ પાકિસ્તાની ટીમે છેલ્લી ક્ષણોમાં ગોલ કર્યા બાદ મેચ ડ્રો થઈ હતી. જો કે, છેલ્લી ૧૩માંથી ૧૨ મેચમાં પાકિસ્તાનનો પરાજય થયો છે.

ભારતે પહેલા જ ક્વાર્ટરમાં એક ગોલ કરીને લીડ મેળવી લીધી હતી. બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં બંને ટીમો ગોલ કરી શકી ન હતી, પરંતુ અંતિમ ક્વાર્ટરની છેલ્લી મિનિટોમાં પાકિસ્તાને પેનલ્ટી કોર્નર પર ગોલ કરીને ભારતના મોંમાંથી જીત છીનવી લીધી હતી. મેચ ૧-૧ની બરાબરી પર સમાપ્ત થઈ હતી.

મેચની અંતિમ ક્ષણોમાં પાકિસ્તાને પેનલ્ટી કોર્નરથી ગોલ કર્યો, આ ગોલની મદદથી સ્કોર ૧-૧ થઈ ગયો. આ ગોલ ભારતને જીતથી દૂર લઈ ગયો હતો. મેચનો બીજો ક્વાર્ટર ગોલ રહિત રહ્યો. બંને ટીમોને અહીં પણ ગોલ કરવાની તક મળી હતી. ભારતે પાકિસ્તાન પર ૧-૦ની લીડ જાળવી રાખી.

બંને ટીમોને પ્રથમ ૧૫ મિનિટમાં સમાન તકો મળી, પરંતુ કાર્તિ સિલ્વાએ પેનલ્ટી કોર્નર ડિફ્લેકશન દ્વારા ગોલ કરીને ભારતને ૧-૦ની લીડ અપાવી. પાકિસ્તાન પછી, ભારત પૂલ છ એની બીજી મેચમાં જાપાન સામે ટકરાશે અને પછી ૨૬ મેના રોજ, ટીમ યજમાન ઈન્ડોનેશિયાનો સામનો કરશે. પૂલ બીમાં મલેશિયા, કોરિયા, ઓમાન અને બાંગ્લાદેશ છે.

ગાંધીનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવા રિસર્ચ ઘયુનિવર્સિટી ફોર ઇનોવેસન દ્વારા રાજ્યકક્ષા અંડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિવિધ ૨૧ જેટલી ટીમોએ ભાગ લીધો હતો જેમાં ફાઇનલ મેચમાં તપોવન ઇન્ટરનેશનલ સ્કૂલ (ઊંઝા) ટીમે શાનદાર દેખાવ કરી મુરલીધર વિદ્યાલય (સંતરામપુર) ટીમ સાથે વિજય મેળવ્યો હતો ફાઇનલ વિજેતા અને રનર-અપ ને પારિતોષિક સાથે સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા વિજેતા ટીમને ૧૧૦૦૦ અને રનર અપને ૫૦૦૦નું ચોકડ ઇનામ આપવામાં આવ્યું હતું બંને ટીમોને ટ્રોફી પણ આપવામાં આવી હતી.

(તસ્વીર:જનક પટેલ, ગાંધીનગર)

દેશમાં લાઉડસ્પિકર વિવાદ બંધ થતો દેખાય છે

યુપીમાં ઊતારાયેલા લાઉડસ્પિકર્સ સ્કૂલો-હોસ્પિટલ્સમા દાન કરાયા

(એજન્સી) લખનૌ, દેશમાં લાઉડસ્પીકર ઉપર ચાલી રહેલો વિવાદ હવે બંધ થતો દેખાઈ રહ્યો છે. આ બધાની વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, યુપીમાં મસ્જિદોમાંથી લાઉડસ્પીકર્સ ઉતારી લેવામાં આવ્યા છે અથવા તેમનો અવાજ ધીમો કરવામાં આવ્યો છે. યોગીએ બીજું એક મહત્વનું નિવેદન આપ્યું કે, આ ઉતારી દેવામાં આવેલા લાઉડસ્પીકર્સને સ્કૂલો અને હોસ્પિટલોને દાન કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી દેશના અનેક રાજ્યોની મસ્જિદોમાં લાઉડસ્પીકરો દ્વારા થતી અઝાન વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ મામલે વિવિધ રાજ્યોમાં હોબાળો પણ થયો હતો. ત્યાર બાદ યુપીમાં લાઉડસ્પીકર હટાવવાની કવાયત શરૂ કરવામાં આવી હતી.

યોગીએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે, આ વખતે તમે જોયું હશે કે ઈદની નમાજ રોડ ઉપર નથી પઢવામાં આવી. તમે એ પણ સાંભળ્યુ હશે કે મસ્જિદોમાંથી લાઉડસ્પીકર્સનો અવાજ ધીમો કરવામાં આવ્યો છે અથવા તેને ઉતારી લેવામાં આવ્યા છે. આ લાઉડસ્પીકર્સને સ્કૂલો અથવા હોસ્પિટલોને આપવામાં આવ્યા છે. સીએમ યોગીએ આગળ કહ્યું હતું કે, તેમના વિતેલા કાર્યકાળ અને વર્તમાન કાર્યકાળમાં કોઈ હુલ્લડો નથી થયા. ઘણા રાજ્યો એવા છે જ્યાં ચૂંટણી પછી તોફાનો થયા હોય પરંતુ યુપીમાં ચૂંટણી પહેલા કે પછી કોઈ તોફાનો નથી થયા. યોગીએ આગળ કહ્યું કે, સરકાર બન્યા બાદ રામનવમી અને હનુમાન જયંતી શાંતિથી ઉજવવામાં આવી હતી. આ એ જ યુપી છે જ્યાં પહેલા નાની નાની બાબતોને લઈને હુલ્લડો થતા હતા.

દુનિયામાં ઘણી સરપ્રાઈઝિંગ બાબતો બને છે

કાદવમાંથી નીકળે છે સોનું,લોકો થેલા ભરીભરીને ઘરે લઈ જાય છે

થાઈલેન્ડમાં આ નદીને ગોલ્ડ માઉન્ટેન નામથી ઓળખવામાં આવે છે, તે સાઉથ થાઈલેન્ડમાં વહે છે

(એજન્સી) નવી દિલ્હી, દુનિયામાં ઘણી સરપ્રાઈઝિંગ બાબતો બને છે. એમાં પણ આજના ઈન્ટરનેટના યુગમાં નાની-મોટી ઘટનાઓ ઝડપથી આપણા સુધી પહોંચી જાય છે. અમુક ચીજો એવી હોય છે જેને જાણીને આશ્ચર્ય થાય છે. જેમ કે, નદીમાંથી સોનું નીકળવું! જી હા, થાઈલેન્ડમાં એક એવી નદી છે, જેના એક ભાગમાં કાદવ-કીચડ છે. આ કાદવમાં સોનું છે, જેને લોકો ગાળીને ઘરે લઈ જાય છે. લોકો અહીં આવે છે અને કાદવમાંથી સોનું કાઢીને તેને બેગમાં ભરીને લઈ જાય છે. જો તમને એવું લાગતું હોય કે અમે મજાક કરી રહ્યા છીએ, તો તમને જણાવી દઈએ કે આ સત્ય છે. દુનિયાભરના લોકો સોનું ખરીદવાના શોખીન છે. લોકો પોતાના પૈસા ગોલ્ડમાં ઈન્વેસ્ટ કરવાનું પસંદ કરે છે. આ દિવસોમાં તો સોનાના ભાવ આસમાને પહોંચી ગયા છે. એવામાં જો તમને જાણકારી મળે કે દુનિયામાં એક એવી નદી છે, જેના કાદવમાંથી સોનું નીકળે છે, તો તમને ભાગ્યે જ વિશ્વાસ આવે.

પરંતુ થાઈલેન્ડમાં એક એવી નદી છે, જેમાંથી સોનું નીકળે છે. અહીં લોકો સવારના સમયે આવે છે અને બેગમાં સોનું જમા કરીને લઈ જાય છે. થાઈલેન્ડમાં આ નદીને ગોલ્ડ માઉન્ટેન નામથી ઓળખવામાં આવે છે. તે સાઉથ થાઈલેન્ડમાં વહે છે. આ નદી મલેશિયાથી પણ જોડાયેલી છે. તેમાં ઘણાં સમયથી સોનાનું ખનન થઈ રહ્યું છે. આ નદીની એક બાજુ કાદવ-કીચડ જમા થાય છે, જેમાં સોનું ભેગું થાય છે. પરંતુ, તેમાંથી સોનું કાઢવા માટે લોકોને ઘણી મહેનત કરવી પડે છે. અહીંના રહેવાસીઓના જણાવ્યા અનુસાર, નદીના કાદવમાંથી એટલું જ સોનું એક વ્યક્તિને મળે છે, જેનાથી તેનો એક દિવસનો ગુજારો થઈ જાય. થાઈલેન્ડની આ નદીમાંથી સોનું નીકળે છે. પરંતુ તમને જણાવી દઈએ કે ભારતમાં પણ એક એવી નદી છે, જેના પાણીમાંથી સોનું નીકળે છે. આ નદી ઝારખંડમાં છે. તેનું નામ જ 'સ્વર્ણરેખા' છે. આ નદી પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં પણ વહે છે. આ નદીના તળિયેથી સોનાના કણો નીકળે છે. જોકે, કેટલાક લોકો કહે છે કે સોનું સ્વર્ણરેખાનું નથી. આ નદીની એક ઉપનદી છે. આ ઉપનદી કરકરી નદીમાં સોનું રહેલું છે. આ નદીમાંથી સોનું નીકળીને સ્વર્ણરેખામાં પહોંચે છે.

વારાણસીના પ્રભુ ઘાટની કમનસીબ ઘટના

વારાણસીમાં હોડી પલટતાં છ ડૂબ્યા, બેને બચાવાયા

(એજન્સી) વારાણસી, ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે સોમવારે ભારે મોટી દુર્ઘટના બની છે. પ્રભુ ઘાટ ખાતે હોડી પલટી જવાના કારણે તેમાં સવાર ૬ લોકો પાણીમાં ડૂબી ગયા હતા. જોકે નાવિકોએ તે પૈકીના ૨ લોકોનો જીવ બચાવી લીધો હતો.

જાણવા મળ્યા મુજબ કેટલાક લોકો હોડીમાં સવાર થઈને બોટિંગ કરી રહ્યા હતા તે સમયે હોડીમાં પાણી ભરાવાના કારણે તે પલટી ગઈ હતી.

નાવિકોએ તરત જ પાણીમાં છલાંગ લગાવીને ૨ લોકોને બચાવી લીધા હતા. ત્યાર બાદ સ્થાનિક ડૂબકીબાજોએ ૩ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા અને એક વ્યક્તિની તલાશ હજું પણ ચાલુ છે.

હોડીમાં સવાર તમામ લોકો ફિરોઝાબાદના ટૂંડલાના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. આ દુર્ઘટનામાં વારાણસીના રહેવાસી એવા હોડીના નાવિકનું પણ મોત થયું છે.

સુધારો

આ અખબારમાં ૧૮.૦૫.૨૦૨૨ના રોજ પ્રકાશિત થયેલી જાહેરાતના સંદર્ભમાં ડિમાન્ડ નોટિસમાં પ્રોસ્પેક્ટ નંબર.954788, IL146556 જેમાં એક ઋણ લેનાર, સહ-ઋણ લેનારનું નામ ખૂટે છે. સહ-ઋણ લેનારાઓનાં સાચાં નામ શ્રી મિતેશ મુકેશભાઈ દરજી, શ્રીમતી દરજી જ્યોતિકાબેન, શ્રીમતી દરજી વેશાલીબેન ડિજિટલપાવાગઢ.કોમ, હરસિદ્ધી ટેલર્સ શ્રી મુકેશભાઈ ચંદુભાઈ દરજી (Prospect No.954788 & IL10146556) અન્ય વિગતો સમાન રહેશે.

સ્થળ: અમદાવાદ, હાલોલ અને વડોદરા
તા.૨૪.૦૫.૨૦૨૨

સહી/- અધિકૃત અધિકારી, IIFL હોમ ફાઇનાન્સ લીમીટેડ વતી

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. મનસુખલાલ પ્રાગજીભાઈ બગથરીયા, તે શાસ્ત્રીનગર સોસાયટીના સભાસદ હતા. શેર સટીફીકેટ એલોટ કરેલ હતુ. સદર શેર સટીફીકેટ ખોવાઈ ગયેલ છે. ઘણી શોધ કરતા મળી આવેલ નથી. આથી ડુપ્લીકેટ શેર સટીફીકેટ ઈશ્યુ કરવામાં આવે તો કોઈ ઈસમને, સંસ્થા, બેન્ક કોઈને વાંધો વિરોધ હોય તો દિન-૭ મા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી લેખીત પુરાવા સહીત નીચે જણાવેલ જાણ કરવી.

જયેશ.એમ. બગથરીયા
૩૩,શાસ્ત્રીનગર
સોસાયટી, ઘાટલોડીયા,
અમદાવાદ-૩૮૦૦૬૧

PUBLIC NOTICE

It is informed at PUBLIC at large that Mr. Sanjay Chaudhary along with 30 unsecured financial creditors in order to joinC.P No.111(AHM)/2022 (M/s Shree NakodaImpex v/s M/ sFairdeal Multifilament Pvt Ltd) as financial creditors has filed an intervention petitionno.Inv.P/5(AHM)2022(Sanjay Chaudhary &OrsVsM/s Fairdeal Multifilament Pvt Ltd {Corporate Debtor}) for the recovery of their unsecured loan alongwith interest of Rs. 5,58,02,764/-.That the intervention petition was listed for hearing before the Hon'ble tribunal on 11th of May 2022 and the matter is adjourned for hearing with the main petition on 11th of July 2022. That the Financial creditors havealso sent demand notice dated 12th of April 2022 to recover their dues to the corporate debtor which was refused to receive by the corporate debtor.

SANJAY CHOUDHARY
C-11, Abhishek1,
Nr. Haripura Bus Stop,
Asarwa, Ahmedabad, Gujarat
Ph: +91-9825068854

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

PUBLIC NOTICE

Notice is hereby given thatM/s Shree NakodaImpex has provided unsecured loan to M/s Fairdeal Multifilament Pvt Limited (Corporate Debtor) which is outstanding from February, 2022 along with interest of Rs. 1,73,38,298/- The Financial creditor has filed an application no. CP (IB) 111(AHM)/2022 FOR THE INITIATION OF CORPORATE INSOLVENCY RESOLUTION PROCESS BEFORE THE HON'BLE NATIONAL COMPANY LAW TRIBUNAL, Ahmedabad, which was listed for hearing on 04th of May 2022and the Hon'ble Tribunal has ordered to issue notice to the corporate debtor and the corporate debtor was to file its reply within 7 days from the date of receipt of the notice. The next date of hearing is on 11th of July 2022. The NOTICE was posted by the financial creditor to the corporate debtor through speed post on 06th of May 2022 which was refused to receive by the corporate debtor, however,the notice sent on e-mail was received by the corporate debtor and is remained non replied till date.

SANJAY CHOUDHARY
PARTNER
SHREE NAKODA IMPEX
C-11, Abhishek 1, Nr. Haripura Bus Stop,
Asarwa, Ahmedabad, Gujarat
Ph: +91-9825068854

SHARE MART™ Market to better the best

MARKET CREATORS LIMITED

Registered Office : 'Creative Castle' 70, Sampatrao Colony, Vadodara - 7
Ph. : 0265 - 2354075 **Fax :** 2340214 • **Email:** info@marketcreators.net
Website : www.sharemart.co.in • **CIN No.:** L74140GJ1991PLC016555

Statement of Standalone Financial Results for Quarter & Year Ended 31/03/2022

(₹ in lacs)

Particulars	Quarter ended 31/03/2022 Audited	Quarter ended 31/03/2021 Audited	Year ended 31/03/2022 Audited
Total income from operations (net)	197.92	193.58	885.75
Total Profit/(Loss) before exceptional Items & Taxes	7.32	14.88	99.13
Net Profit / (Loss) from ordinary activities after tax (after Extraordinary Items)	6.43	14.22	98.25
Equity Share Capital	1050.00	1050.00	1050.00
Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous year	-	-	-
Earnings Per Share (in Rupees before / After extraordinary Items) (of ₹ 10/- each)	0.04	0.09	0.61
Basic: (₹)	0.04	0.09	0.61
Diluted: (₹)	0.04	0.09	0.61

Note: The above is an extract of the detailed format of Standalone audited financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of standalone audited Quarterly Financial Results are available on the Stock Exchange websites at **www.bseindia.com** and also on the Company's website at **www.sharemart.co.in**

By Order of the Board
For **Market Creators Ltd.**
Dr. J. H. Shah (Chairman)

Place : Vadodara
Date : 23rd May, 2022

ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકસ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ (આ કાયદો) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ (આ નિયમો) ૩(૧) સાથે વાંચવામાં આવ્યો છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલ સત્તાઓના ઉપયોગમાં આ નિયમોના નિયમ ૩ ની સાથે વાંચતા, આઈઆઈએફએલ ગ્રુહ ફાઈનાન્સ લિમિટેડ (IIFL HFL) (અગાઉ ઈન્ડિયા ઈન્ફોલાઈન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)ના અધિકૃત અધિકારીએ જારી કર્યા છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ (૨) હેઠળ માંગણી નોટિસ, ઉધાર લેનારા (ઓ) ને, તેઓને સંબંધિત ડિમાન્ડ નોટિસ (ઓ)માં જણાવેલ રકમ પરત કરવા માટે હાકલ કરે છે. ઉપરના સંબંધમાં, ફરીથી આ સૂચના પ્રકાશિત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર લેણદાર(ઓ)ને ચૂકવણી કરવા માટે સૂચના આપવામાં આવે છે. ના વધુ વ્યાજ સાથે, નીચે જણાવેલ રકમ, ઓ માંગણી સૂચના ચુકવણીની તારીખ સુધી લેણદાર (ઓ) ની વિગત, તારીખ મુજબની રકમ માંગની સૂચના અને લોનની રકમની ચુકવણી માટે આપવામાં આવતી સુરક્ષા નીચે મુજબ છે:

દેવાદારો/ જામીનદારોના નામો	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન
શ્રી. અનિલકુમાર ચંદુલાલ બગથરીયા, શ્રીમતી. ચંદ્રિકાબેન અનિલકુમાર બગથરીયા (Prospect No.944803 & 874636)	19-May-2022 Prospect No.844791 Rs.4,97,259/- (રૂપિયા ચાર લાખ સત્તાણું હજાર બસો અગણ્યા સાંઠ ફક્ત) Prospect No.944803 Rs.2,05,225/- (રૂપિયા બે લાખ પાંચ હજાર બસો પચ્ચીસ ફક્ત)	એ- રેસીડેન્સીયલ ઘર બાંધકામ જમીન ૫૫-૫૦ સ્કે.મી. સબ પ્લોટ નં.૮૩/સી અને ૮૪/એ પ્લોટ નં.૮૩ પૈકી દક્ષિણની સાઈડમાં અને પ્લોટ નં.૮૪ પૈકી ઉત્તરની સાઈડમાં રેવેન્યુ સર્વે નં.૨૩૧/૨ પૈકી-૧ અને ૨૩૧/૨ પૈકી-૨ વંથલી, ભગવતીનગર, જુનાગઢ-૩૬૨૦૦૧, ગુજરાત, ભારત ખાતે આવેલ મિલકતના બધા ભાગો સહિત
શ્રી. દિપક વિનોદભાઈ ભટ્ટ, શ્રી. રોહીતકુમાર વિનોદભાઈ ભટ્ટ, શ્રીમતી. શિતલબેન દિપકભાઈ ભટ્ટ, શ્રી દેવ સ્ટેશનર્સ, શ્રી દેવ ઝેરોક્ષ (Prospect No.IL10040026)	18-May-2022 Rs.31,70,986/- (રૂ